સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

સુરતની અતિ દુઃખદ ઘટનામાં
પ્રભુ ચરણ પામેલા
માસુમ બાળકોને
ભાવભીની શ્રદ્ધાંજલિ,
પ્રભુ એમના દિવ્ય આત્માને
શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને
આ અતિ દુઃખદ ઘડી સહન કરવાની
શકિત આપે એવી
ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના........




સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


[ MAY-2019 ]
( 19/05 to 25/05 )

# WEEK-21


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

19 MAY, 2019 SUNDAY

## ➤ ભારતમાં ગેંડાનો DNA ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે

ભારત સરકારના **પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય** દ્વારા તાજેતરમાં ભારતમાં નિવાસ કરી રહેલા **ગેંડા**નો **DNA ડેટાબેઝ** તૈયાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

- આ પ્રોજેક્ટ 2021 સુધીમાં પૂરો થવાની સંભાવના છે.
- આ પ્રોજેક્ટ પૂરો થયા બાદ **ગેંડો** ભારતમાં **DNA પ્રોફાઈલ ધરાવતું પ્રથમ પ્રાણી** બની જશે.
- આ પ્રોજેક્ટ **'ગેંડા સંરક્ષણ કાર્યક્રમ'**નો એક ભાગ છે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત પ્રાપ્ત થયેલો ડેટા **દહેરાદૂન**માં **ભારતીય વન્યજીવ સંસ્થા**ના **મુખ્ય મથક**માં રાખવામાં આવશે.

**નોંધ :** DNAનું પૂરું નામ Deoxyribo Nucleic Acid છે.

### ગેંડા સંરક્ષણ કાર્યક્રમ

ભારતમાં ગેંડાની સંખ્યા આશરે 2600 જેટલી છે. તેમાંથી 90% ગેંડા ફક્ત **આસામ**ના **કાઝીરંગા નેશનલ પાર્ક**માં જ છે.


- આથી, ભારતમાં ગેંડાના સંરક્ષણ માટે કેન્દ્ર સરકાર દ્વારા ગેંડાના વિસ્થાપન સહિત અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.
- આ અંતર્ગત આસામના કાઝીરંગા નેશનલ પાર્કમાંથી **આસામ**ના **માનસ નેશનલ પાર્ક** તથા **પોબીતારા વન્યજીવ અભયારણ્ય**માં ગેંડાને વિસ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

**નોંધ :** **આસામ**નો **કાઝીરંગા નેશનલ પાર્ક એક સીંગા ગેંડા** (એટલે કે એક સીંગડાવાળા ગેંડા) માટે પ્રસિદ્ધ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ➤ વિંગ કમાન્ડર અભિનંદનની 51મી સ્ક્વોડ્રન હવે 'ફાલ્કન સ્લેયર્સ' તરીકે ઓળખાશે




**પાકિસ્તાન**ના **F-16** વિમાનને તોડી પાડનારી ભારતીય વાયુસેનાની શ્રીનગર ખાતે આવેલી **51મી સ્ક્વોડ્રન** હવે **'ફાલ્કન સ્લેયર્સ'**ના નામથી ઓળખાશે.

- મિગ-21 બાયસન ફાઈટર જેટવાળી આ 51મી સ્ક્વોડ્રન અત્યાર સુધી **'સ્વાર્ડ આર્મ'** તરીકે ઓળખાતી હતી.
- પરંતુ ભારતના મિગ-21 બાયસન જેટ દ્વારા **'ફાલ્કન'** તરીકે ઓળખાતા પાકિસ્તાનના F-16 વિમાનને તોડી પાડવામાં આવ્યું હતું.
- આથી, હવે આ સ્ક્વોડ્રન **'ફાલ્કન સ્લેયર્સ'** એટલે કે **'ફાલ્કનનો વધ કરનારી' સ્ક્વોડ્રન** તરીકે ઓળખાશે.
- 27 ફેબ્રુઆરી, 2019ના રોજ પાકિસ્તાનના F-16 વિમાનને જ્યારે વિંગ કમાન્ડર **શ્રી અભિનંદન વર્ધમાને** તોડી પાડયું હતું ત્યારે તેઓ આ **51મી સ્ક્વોડ્રન**માં હતા.
- ઈન્ડિયન એર ફોર્સના જાંબાજ વિંગ કમાન્ડર શ્રી અભિનંદન વર્ધમાન મિગ-21 જેવા જૂના વિમાનથી અમેરિકાના F-16 જેવા અતિ આધુનિક વિમાનને તોડી પાડનાર વિશ્વના એકમાત્ર પાયલટ છે.
- તેમની આ સિદ્ધિને બિરદાવવા માટે તેમની સ્ક્વોડ્રનને ઉપરોક્ત નામ આપવામાં આવ્યું છે.
- આ ઉપરાંત આ 51મી સ્ક્વોડ્રનને **'ફાલ્કન સ્લેયર્સ'** નામનો **નવો સોલ્ડર બેઝ** પણ મળ્યો છે.
- આ સોલ્ડર બેઝ સૈનિકના યુનિફોર્મ પર ખભાના ભાગે લગાવવામાં આવે છે. જે સ્ક્વોડ્રનની ભૂમિકા અથવા તો ઓળખ દર્શાવે છે.

### 'ફાલ્કન સ્લેયર્સ' સોલ્ડર બેઝની વિશેષતા

'ફાલ્કન સ્લેયર્સ' નામના આ સોલ્ડર બેઝમાં **મિગ-21** અને **F-16**નું ચિત્ર છે.

- આ બેઝના ઉપરના ભાગે **'AMRAAM DODGERS'** અને નીચેના ભાગે **'FALCON SLAYERS'** લખેલું છે.
- **શ્રી સૌરભ** નામના ડિઝાઈનર દ્વારા આ સોલ્ડર બેઝની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


### AMRAAM DODGERS (એમરામ ડોઝર્સ)



**27 ફેબ્રુઆરી, 2019**ના રોજ પાકિસ્તાનની વાયુસેનાએ જ્યારે ભારતની સરહદમાં પ્રવેશવાનો પ્રયત્ન કર્યો ત્યારે ભારતીય વાયુસેનાના **બે મિગ-21** અને **ત્રણ સુખોઈ-30** વિમાનોએ તેનો સામનો કર્યો હતો.

- આ સમયે પાકિસ્તાનના **F-16** વિમાનમાંથી છોડવામાં આવેલી **AMRAAM મિસાઈલો**ના હુમલાથી બચવામાં ભારતીય વિમાનો સફળ રહયા હતા.
- આથી, ભારતીય વિમાનોનું આ યુનિટ પોતાને **'એમરામ ડોઝર્સ'** એટલે કે **'એમરામ મિસાઈલોને ચકમો આપનાર'** તરીકે પણ ઓળખાવે છે.

## શ્રી અભિનંદન વર્ધમાન



શ્રી અભિનંદન વર્ધમાન ઈન્ડિયન એર ફોર્સમાં વિંગ-કમાન્ડર છે.

- તેમનો જન્મ તમિલનાડુમાં થયો હતો.
- નેશનલ ડિફેન્સ એકેડમીમાંથી તેઓ ગ્રેજ્યુએટ થયા છે.
- તેઓ 2004માં ઈન્ડિયન એરફોર્સમાં ફાઈટર પાયલટ તરીકે જોડાયા હતા.
- MiG-21 અગાઉ તેઓ Su-30 MKIના પાયલટ હતા.
- તેમનો સર્વિસ નંબર 27981 છે.
- તેમના માતા ડોક્ટર છે અને તેમના પિતા શ્રી સિમ્હાકુટ્ટી વર્ધમાન ઈન્ડિયન એર ફોર્સમાં એર માર્શલ હતા.

**નોંધ :** શ્રી અભિનન્દન વર્ધમાનનું પોસ્ટિંગ હવે જમ્મુ–કાશ્મીરની જગ્યાએ રાજસ્થાનના સૂરતગઢ એયરબેઝમાં કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS







## ICE ? Questions

1. તાજેતરમાં ભારત સરકાર દ્વારા ભારતમાં સૌપ્રથમ કયા પ્રાણીનો DNA ડેટાબેઝ તૈયાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?
   (A) ગાય (B) ભેંસ (C) સિંહ (D) ગેંડો — **(D)**

2. ભારતમાં ગેંડાની સૌથી વધુ સંખ્યા કયા રાજ્યમાં છે ?
   (A) કેરળ (B) કર્ણાટક (C) આસામ (D) પશ્ચિમ બંગાળ — **(C)**

3. DNAનું પૂરું નામ શું છે ?
   (A) Deoxyribo Nucleic Acid (B) Deoxyribo Nuclear Acid
   (C) Deoxyribo Nuclean Acid (D) Deoxyribo Nucleus Acid — **(A)**

4. એક સીંગા ગેંડા માટે પ્રસિદ્ધ કાઝીરંગા નેશનલ પાર્ક ભારતના કયા રાજ્યમાં આવેલો છે ?
   (A) અરૂણાચલ પ્રદેશ (B) તમિલનાડુ (C) આંધ્રપ્રદેશ (D) આસામ — **(D)**

5. ભારતીય વાયુસેનાના જાંબાજ વિંગ કમાન્ડર શ્રી અભિનંદન વર્ધમાનની 51મી સ્ક્વોડ્રનને નવું શું નામ આપવામાં આવ્યું છે ?
   (A) સ્વાર્ડ આર્મ (B) ફાલ્કન સ્લેયર્સ (C) F-16 સ્લેયર્સ (D) મિગ-21 સ્લેયર્સ — **(B)**

6. ભારતીય વાયુસેનાના જાંબાજ વિંગ કમાન્ડર શ્રી અભિનંદન વર્ધમાનની 51મી સ્ક્વોડ્રનને નવો કયો સોલ્ડર બેઝ આપવામાં આવ્યો છે ?
   (A) અરમાન સ્લેયર્સ (B) ફાલ્કન સ્લેયર્સ (C) મિસાઈલ સ્લેયર્સ (D) F-16 સ્લેયર્સ — **(B)**

7. ઈન્ડિયન એરફોર્સના વિંગ કમાન્ડર શ્રી અભિનંદન વર્ધમાને કયા વિમાન દ્વારા પાકિસ્તાનનું F-16 વિમાન તોડી પાડ્યું હતું ?
   (A) MiG-27 (B) MiG-21 (C) Mirage 2000 (D) Su-30 MKI — **(B)**

8. ઈન્ડિયન એરફોર્સના વિંગ કમાન્ડર શ્રી અભિનંદન વર્ધમાનનો જન્મ કયાં થયો હતો ?
   (A) તમિલનાડુ (B) આંધ્રપ્રદેશ (C) તેલંગણા (D) કેરળ — **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

આપની તૈયારીને શ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ........

Daily Test Paper
WITH OMR SHEET

તલાટી / બિનસચિવાલય પેપર
(દરરોજ 1 પેપર)

તલાટી / બિનસચિવાલયની પેપર પ્રેક્ટીસ માટે
દરરોજ એક પેપર Download કરવા
ICEની Authentic Telegram ચેનલ આજે જ JOIN કરો
t.me/icerajkotofficial

Download From Here
t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot.in

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 20 MAY, 2019 MONDAY

### ➤ દિવસ મહિમા : 20 મે, વિશ્વ માપ વિજ્ઞાન દિવસ (World Metrology Day)

### ➤ ઓસ્ટ્રેલિયાની ચૂંટણીમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી સ્કોટ મોરિસનની ફરીથી જીત



તાજેતરમાં ઓસ્ટ્રેલિયામાં યોજાયેલી ચૂંટણીમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી સ્કોટ મોરિસન ફરીથી ચૂંટાઈ આવ્યા છે.

- ઓસ્ટ્રેલિયામાં 46મી પાર્લામેન્ટ માટે યોજાયેલી આ ચૂંટણીમાં શ્રી સ્કોટ મોરિસનના નેતૃત્વવાળા લિબરલ-નેશનલ ગઠબંધનને બહુમતી મળી ગઈ છે.
- શ્રી સ્કોટ મોરિસનના પક્ષનું નામ લિબરલ પાર્ટી છે.
- જ્યારે તેમના હરિફ ઉમેદવાર અને વિરોધ પક્ષ તથા લેબર પાર્ટીના નેતા શ્રી બિલ શોર્ટનનો આ ચૂંટણીમાં પરાજય થયો છે.

**નોંધ :** (1) ઓસ્ટ્રેલિયામાં આ ચૂંટણી મુખ્યત્વે આબોહવા પરિવર્તનના મુદ્દે લડાઈ હતી.
(2) શ્રી સ્કોટ મોરિસન ઓસ્ટ્રેલિયાના 30મા વડાપ્રધાન છે. અને તાજેતરમાં તેઓ બીજી વખત ચૂંટાઈ આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ ઈસરો દ્વારા આગામી 10 વર્ષમાં શુક્ર સહિત સાત મિશન લોન્ચ કરવામાં આવશે




ઈસરોના અધ્યક્ષ શ્રી કે. સિવને તાજેતરમાં આપેલી માહિતી અનુસાર ભારત આગામી દસ વર્ષમાં સાત વૈજ્ઞાનિક મિશન લોન્ચ કરશે.

- જેમાં 2023માં શુક્ર ગ્રહ પર પણ એક મિશન લોન્ચ કરવામાં આવશે.
- આગામી દસ વર્ષમાં ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવનાર કેટલાક મહત્ત્વના મિશન આ પ્રમાણે છે :

(1) 2020માં બ્રહ્માંડીય વિકિરણના અભ્યાસ માટે એક્સપોસેટ(Xposat) મિશન
(2) 2021માં સૂર્યના અભ્યાસ માટે આદિત્ય L1 મિશન
(3) 2022માં મંગળના અભ્યાસ માટે મંગળયાન-2
(4) 2023માં શુક્રના અભ્યાસ માટે શુક્ર મિશન
(5) 2024માં ચંદ્રના અભ્યાસ માટે ચંદ્રયાન-3
(6) 2028માં સૌરમંડળની બહાર એક શોધ માટેનું મિશન

**નોંધ :** (1) આકાર, સંરચના અને ઘનત્વની સમાનતાને કારણે શુક્ર ગ્રહને પૃથ્વીની જુડવા બહેન માનવામાં આવે છે.
(2) ઈસરો દ્વારા લોન્ચ થનાર મિશન શુક્રમાં શુક્રની સપાટી, ઉપ સપાટી, એટમોસ્ફેરિક કેમિસ્ટ્રી તથા સૌર પવનોનો અભ્યાસ કરવામાં આવશે.

## ➤ ભારતના ચંદ્રયાન-2માં નાસાનું પેલોડ લઈ જવામાં આવશે

ઈસરો દ્વારા તાજેતરમાં આપવામાં આવેલી માહિતી અનુસાર જુલાઈ 2019માં લોન્ચ થનાર ચંદ્રયાન-2માં ભારતના કુલ 13 Payload એટલે કે 13 અંતરિક્ષ ઉપકરણ હશે.

- ભારતના આ 13 પેલોડ ઉપરાંત અમેરિકાની અવકાશ સંસ્થા નાસાનું પણ એક ઉપકરણ હશે.
- નાસા આ ઉપકરણની મદદથી ધરતી અને ચંદ્ર વચ્ચેનું અંતર માપવાનું કાર્ય કરશે.
- ભારત દ્વારા જુલાઈ 2019માં લોન્ચ થનાર ચંદ્રયાન-2 સપ્ટેમ્બર 2019માં ચંદ્ર પર ઉતરવાની સંભાવના છે.
- GSLV MK III અથવા તો GSLV માર્ક-3 નામના રોકેટની મદદથી આ યાન લોન્ચ કરવામાં આવશે.

### ચંદ્રયાન-2ના ત્રણ ભાગ

- આ યાનના વિશિષ્ટ ત્રણ ભાગોમાં Orbiter, Lander અને Roverનો સમાવેશ થાય છે.
- જેમાં ઓર્બિટર પર ભારતના આઠ, લેન્ડર પર ત્રણ અને રોવર પર ભારતના બે પેલોડ હશે.
- ઓર્બિટર ચંદ્રની સપાટીથી 100 કિમી દૂર ચંદ્રના ચક્કર લગાવશે.
- રોવર ચંદ્રની સપાટી પર વ્હીલની મદદથી ચાલશે અને માટી તથા ખડકોના નમૂના એકત્ર કરશે.
- જ્યારે ચંદ્રયાન-2નું લેન્ડર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરશે અને તે પંદર દિવસ સુધી વૈજ્ઞાનિક પ્રયોગ કરશે.
- ઈસરોના સ્થાપક અને ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા શ્રી વિક્રમ સારાભાઈના નામ પરથી આ લેન્ડરને 'વિક્રમ' નામ આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ચંદ્રયાન-1

- ચંદ્રયાન-1 એ ભારત દ્વારા ચંદ્ર પર લોન્ચ કરવામાં આવેલું ભારતનું પ્રથમ ચંદ્રયાન હતું.
- 22 ઓક્ટોબર 2008ના રોજ તેનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું અને 28 ઓગસ્ટ 2009 સુધી તેને ઓપરેટ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેનો સંપર્ક કપાઈ ગયો હતો.
- ભારતમાં આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરના બીજા નંબરના લોન્ચ પેડ પરથી PSLV-XL C11 નામના રોકેટ દ્વારા ચંદ્રયાન-1 લોન્ચ કરવામાં આવ્યું હતું.

### ISRO

ISROનું પૂરું નામ 'ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર)' છે.

- ઈસરોની સ્થાપના 15 ઓગસ્ટ, 1969ના રોજ થઈ હતી.
- જોકે INCOSPAR (ઈન્ડિયન નેશનલ કમિટી ફોર સ્પેસ રિસર્ચ) રૂપે તેની સ્થાપના 1962માં થઈ હતી.
- ઈસરોનું વડું મથક કર્ણાટકના બેંગલોર ખાતે આવેલું છે.
- ઈસરોનું આદર્શ વાક્ય 'માનવ જાતિની સેવામાં અવકાશ ટેક્નોલોજી' છે.
- ઈસરોની વેબસાઈટનું નામ www.isro.gov.in છે.

## ICE Questions

1. 'વિશ્વ માપ વિજ્ઞાન દિવસ' અથવા તો 'World Metrology Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 મે (B) 19 મે (C) 20 મે (D) 21 મે **(C)**

---

2. તાજેતરમાં ઓસ્ટ્રેલિયામાં યોજાયેલી ચૂંટણીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી સ્કોટ મોરિસન વડાપ્રધાન તરીકે બીજી વખત ચૂંટાઈ આવ્યા છે.
2. શ્રી સ્કોટ મોરિસનના પક્ષનું નામ લિબરલ પાર્ટી છે અને તેઓ લિબરલ–નેશનલ ગઠબંધનનું નેતૃત્વ કરે છે.
3. શ્રી સ્કોટ મોરિસને તેમના હરિફ ઉમેદવાર અને વિરોધ પક્ષ તથા લેબર પાર્ટીના નેતા શ્રી બિલ સ્ટેઈનને પરાજય આપ્યો છે.

(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(B)**

---

3. ઈસરોના અધ્યક્ષ શ્રી કે. સિવને તાજેતરમાં આપેલી માહિતી અનુસાર ભારત વર્ષ 2023માં કયા ગ્રહ પર મિશન લોન્ચ કરશે ?

(A) બુધ (B) ગુરુ (C) શુક્ર (D) શનિ **(C)**

---

4. આકાર, સંરચના અને ઘનત્વની સમાનતાને કારણે સૂર્યમંડળના કયા ગ્રહને પૃથ્વીની જુડવા બહેન માનવામાં આવે છે ?

(A) મંગળ (B) બુધ (C) ગુરૂ (D) શુક્ર **(D)**

---

5. સંભવતઃ વર્ષ 2021માં ભારત સૂર્યના અભ્યાસ માટે કયું મિશન લોન્ચ કરશે ?

(A) સૂર્યયાન-1 (B) સૂર્યયાન L1 (C) આદિત્ય-1 (D) આદિત્ય L1 **(D)**

---

6. ઈસરો દ્વારા 2019માં લોન્ચ કરવામાં આવનાર ચંદ્રયાન-2ના પેલોડના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) તેમાં ભારતના 14 અને નાસાના 1 સહિત કુલ 15 પેલોડ હશે.
(B) તેમાં ભારતના 13 અને નાસાના 1 સહિત કુલ 14 પેલોડ હશે.
(C) તેમાં ભારતના 12 અને નાસાના 1 સહિત કુલ 13 પેલોડ હશે.
(D) તેમાં ભારતના 11 અને નાસાના 1 સહિત કુલ 12 પેલોડ હશે. **(B)**

---

7. ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવનાર ચંદ્રયાન-2ના ત્રણ મહત્ત્વના ભાગોમાં નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી ?

(A) ઓર્બિટર (B) લેન્ડર (C) રોવર (D) સ્કેન્ડર **(D)**

---

8. ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવનાર ચંદ્રયાન-2ના લેન્ડરને શું નામ આપવામાં આવ્યું છે ?

(A) કલામ (B) અબ્દુલ (C) વિક્રમ (D) સતીશ **(C)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS


ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

**21 MAY, 2019 TUESDAY**

## ➢ દિવસ મહિમા : 21 મે, આતંકવાદ વિરોધી દિન

ભારતમાં દર વર્ષે 21મેના રોજ આતંકવાદ (ત્રાસવાદ)વિરોધી દિનની ઉજવણી કરવામાં આવે છે.

- 21 મે, 1991ના રોજ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીની તમિલનાડુના શ્રીપેરુમ્બુદુર ખાતે હત્યા કરવામાં આવી હતી.
- આથી શ્રી વી. પી. સિંહની સરકારે આતંકવાદના વિરોધમાં જાગૃતિ લાવવા માટે 21 મેના રોજ આતંકવાદ વિરોધી દિનની ઉજવણી કરવાનું નક્કી કર્યું હતું.




ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

આર્થિક સમૃદ્ધિ, સામાજિક પ્રતિષ્ઠા
સલામત નોકરીની સંયુક્ત કારકિર્દી
એટલે જ ગુજરાત સરકાર

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
CALL: 9375701110 / 9328001110

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

નવી બેચ શરૂ

આપની સફળતાને નિશ્ચિત કરતી

સ્પેશિયલ બેચ

સવારે/બપોરે/સાંજે

2012 - 18
1237+
સફળ ઉમેદવાર

10 Mega Test Paper

32+ Weekly Test
MEGA TEST SERIES ON OMR SHEET

➢ સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો ઊંડાણપૂર્વકનો પાયાની સમજથી અભ્યાસ.
➢ સ્પર્ધાત્મક પરીક્ષાની નિષ્ણાતો દ્વારા અભ્યાસ
➢ પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી
➢ સ્માર્ટ વર્ક અને સમજણ શકિતના સમન્વયથી અભ્યાસ
➢ શરૂઆતથી છેક પરીક્ષાખંડ સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ
➢ ગુજરાતી, ENGLISH, ગણિત અને સામાન્ય જ્ઞાનના 15 થી વધુ વિષયોની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા
➢ ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી એડવાન્સ લેવલ મટીરિયલ્સ

icerajkotofficial   icerajkot   iceonline.in

## ➤ ભારતના પ્રથમ બ્લડ બેન્ક વોલેટનો જયપુરમાં પ્રારંભ




19 મે 2019ના રોજ **રાજસ્થાન**ના **જયપુર**માં **ભારતનું પ્રથમ બ્લડ બેન્ક વોલેટ** લોન્ચ કરવામાં આવ્યું છે.

- રાજસ્થાનમાં **આરોગ્ય કલ્યાણ બ્લડ બેન્ક** દ્વારા તેના **25મા સ્થાપના દિન**ની ઉજવણી નિમિત્તે આ વોલેટ લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ વોલેટના માધ્યમથી રક્તદાન કરનાર વ્યક્તિ **રક્તનું ડિજિટલ ટ્રાન્ઝેક્શન** કરી શકશે.
- આ ઉપરાંત આ વોલેટની મદદથી રક્તને ટ્રાન્સફર તથા રીસીવ પણ કરી શકાશે.
- આ માટે આરોગ્ય કલ્યાણ બ્લડ બેન્ક દ્વારા એક એપ બનાવવામાં આવી છે.
- અને આ એપની મદદથી રક્તદાન કરનાર વ્યક્તિ લોગ ઈન કરીને પોતાના બ્લડ તથા બ્લડગ્રૂપ અંગેની તમામ માહિતી અપલોડ કરી શકશે.

## ➤ કિલોગ્રામનું વજન હવે પ્લેન્ક કોન્સ્ટન્ટ પદ્ધતિથી નક્કી થશે

સમગ્ર વિશ્વમાં છેલ્લા **130 વર્ષ**થી **કિલોગ્રામના માપ** માટે **'સિલિન્ડર પદ્ધતિ'**નો અમલ થતો હતો.

- આ પદ્ધતિને સ્થાને 20 મે, 2019થી નવી **'પ્લેન્ક કોન્સ્ટન્ટ પદ્ધતિ'** અપનાવવામાં આવી છે.
- **ફ્રાન્સ**ના **પેરિસ** ખાતે મળેલી વૈજ્ઞાનિકોની એક બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### અત્યાર સુધીની સિલિન્ડર સિસ્ટમ શું હતી ?

ફ્રાન્સના પેરિસ પાસે આવેલી એક બિલ્ડિંગમાં **1889**થી એક **સિલિન્ડર** રાખવામાં આવ્યું છે.

- આ સિલિન્ડર **90 ટકા પ્લેટિનમ** અને **10 ટકા ઈરિડિયમ**માંથી બનેલું છે.
- 1889થી અત્યાર સુધી એક કિલોગ્રામનું માપ આ સિલિન્ડરના આધારે જ કરવામાં આવતું હતું.
- વિશ્વભરમાં આ સિલિન્ડરની કોપી કરવામાં આવી છે.

### નવી પ્લેન્ક કોન્સ્ટન્ટ પદ્ધતિ શું છે ?

પેરિસમાં રાખવામાં આવેલા સિલિન્ડર પર પ્રદૂષણ, ઘર્ષણ કે બહારના તત્ત્વોની અસરને કારણે એના વજનમાં સૂક્ષ્મ ફેરફાર થવાની સંભાવના હતી.

- આથી કિલોગ્રામના વજન માટે આ નવી **'પ્લેન્ક કોન્સ્ટન્ટ પદ્ધતિ'** અપનાવવામાં આવી છે.
- આ પ્લેન્ક કોન્સ્ટન્ટ પદ્ધતિ એ **એક ગાણિતિક સૂત્ર** છે.
- એના પર પ્રદૂષણ, ઘર્ષણ કે બહારના તત્ત્વોની અસર નહીં થાય.
- આ નવી પદ્ધતિમાં કિલોગ્રામના વજનનું માપ કરવા માટે **'કિબ્બલ'** નામના ત્રાજવાનો ઉપયોગ થશે.

**નોંધ :**
(1) વૈજ્ઞાનિકો દ્વારા હાલ કિલોગ્રામના માપ માટેની પદ્ધતિમાં જ ફેરફાર કરવામાં આવ્યો છે. કિલોગ્રામના વજનમાં કોઈપણ જાતનો ફેરફાર કરાયો નથી. આથી, આ ફેરફારથી બજારમાં તેની કોઈ જ અસર નહિ થાય.
(2) સમગ્ર વિશ્વમાં 20 મે 'વિશ્વ માપ વિજ્ઞાન દિવસ' તરીકે ઉજવાય છે.
(3) 20 મે, 2019થી કિલોગ્રામ ઉપરાંત કેલ્વિન, મોલ અને એમ્પિયરની પરિભાષા પણ બદલવામાં આવી છે.
(4) 16 નવેમ્બર, 2018ના રોજ યોજાયેલા માપતોલ અંગેના 26મા સામાન્ય સંમેલનમાં પરિભાષા બદલવાનો આ નિર્ણય લેવાયો હતો.
(5) 20 મે, 1875ના રોજ વિશ્વના 17 દેશોએ તોલ-માપના આંતરરાષ્ટ્રીય યુનિટ નક્કી કરવા માટે 'મીટર કન્વેન્શન' પર હસ્તાક્ષર કર્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

કરી શકો જો યુદ્ધ પહેલા જ, યુદ્ધની કવાયત
GPSCનો જંગ જીતવા, આવો કરીએ જમાવટ

GPSC
ક્લાસ 1/2
P.I. • S.T.I. • DY.SO • DY.MAMLATDAR

નવી બેચ શરૂ
સાંજે 7 થી 9

GPSC દ્વારા ICEના 170થી વધુ અધિકારીશ્રીઓ

વિકલી OMR પેપર પ્રેક્ટિસ

સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ

GPSC CLASS 1/2 ઓફિસર બનેલા વિદ્યાર્થી ઉમેદવારોનું સ્વાનુભવસિદ્ધ માર્ગદર્શન
શરૂઆતથી નિમણૂક પત્ર સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ
GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ ટુ ધી પોઈન્ટ રીડીંગ મટીરિયલ્સ
પરીક્ષા પાસ કરવાની આક્રમક વ્યૂહરચના
દરેક વિષયની ઊંડાણપૂર્વકની કન્સેપ્ચ્યુઅલ તૈયારી
GPSC CLASS 1/2ની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ

કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, રાજકોટ.
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
Call : 9375701110 / 9328001110

## ➤ ભારત અને સિંગાપોર વચ્ચે નૌસેના અભ્યાસ SIMBEX-19નું આયોજન

તાજેતરમાં 16થી 22 મે, 2019 દરમિયાન ભારત અને સિંગાપોરની નૌસેના વચ્ચે SIMBEX-19 નામના નૌસેના અભ્યાસનું આયોજન થયું હતું.

- આ યુદ્ધ અભ્યાસનું આયોજન બે ભાગમાં થયું હતું.
- આ યુદ્ધ અભ્યાસના પ્રથમ ચરણનું આયોજન 16થી 18 મે 2019 દરમિયાન સિંગાપોરમાં થયું હતું.
- જ્યારે 19થી 22 મે, 2019 દરમિયાન આ યુદ્ધ અભ્યાસના બીજા સમુદ્રી ચરણનું આયોજન દક્ષિણ અને પૂર્વ ચીન સમુદ્રમાં કરવામાં આવ્યું હતું.
- આ યુદ્ધ અભ્યાસમાં ભારતના INS કોલકાતા તથા INS શક્તિ નામના જહાજોએ ભાગ લીધો હતો.
- જ્યારે આ યુદ્ધ અભ્યાસમાં સિંગાપોરનું નેતૃત્વ RSN Steadfast અને RSN Valiant નામના જહાજોએ કર્યું હતું.

**નોંધ :** (1) SIMBEXનું પૂરું નામ 'Singapore India Maritime Bilateral Exercise' છે.
(2) ભારત અને સિંગાપોર વચ્ચે 1993થી આ નૌસેના અભ્યાસનો પ્રારંભ થયો છે.
(3) ભારત અને સિંગાપોરની નૌસેના વચ્ચે તાજેતરમાં 26મા SIMBEX અભ્યાસનું આયોજન થયું હતું.

### ICE Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતમાં દર વર્ષે 'આતંકવાદ વિરોધી દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 મે (B) 20 મે (C) 21 મે (D) 22 મે — **(C)**

2. તાજેતરમાં ભારતના પ્રથમ બ્લડ બેન્ક વોલેટનો કઈ જગ્યાએથી પ્રારંભ થયો છે ?
(A) દિલ્હી (B) જયપુર (C) મુંબઈ (D) ગાંધીનગર — **(B)**

3. 20 મે, 2019ને 'વિશ્વ માપ વિજ્ઞાન દિવસ'ના રોજ તોલ-માપના 7 આંતરરાષ્ટ્રીય યુનિટોમાંથી 4 યુનિટોની પરિભાષા બદલવામાં આવી છે..... આ 4 યુનિટોમાં નીચેનામાંથી કયા યુનિટનો સમાવેશ થતો નથી ?
(A) કેલ્વિન (Kelvin) (B) મોલ (Mole)
(C) મીટર (Metre) (D) એમ્પિયર (Ampere) — **(C)**

4. તોલ-માપના યુનિટ અને તેના ઉપયોગના સંબંધમાં નીચેનામાંથી કઈ જોડી સાચી નથી ?
(A) કેલ્વિન – તાપ માપક (B) મોલ – પદાર્થ માપક (પદાર્થનો જથ્થો માપવા)
(C) એમ્પિયર – વિદ્યુત માપક (D) ઉપરોક્ત ત્રણેય સત્ય છે. — **(D)**

5. 20 મે, 2019થી કિલોગ્રામના માપ માટે જૂની સિલિન્ડર પદ્ધતિની જગ્યાએ નવી કઈ પદ્ધતિનો ઉપયોગ થશે?
(A) પિરામિડ પદ્ધતિ (B) પિરામિડ કોન્સ્ટન્ટ (C) પ્લેઝર કોન્સ્ટન્ટ (D) પ્લેન્ક કોન્સ્ટન્ટ — **(D)**

6. 20 મે, 1875ના રોજ વિશ્વના 17 દેશોના પ્રતિનિધિઓએ તોલ-માપના આંતરરાષ્ટ્રીય યુનિટની પદ્ધતિ નક્કી કરવા માટે કયા કન્વેન્શન પર હસ્તાક્ષર કર્યા હતા ?
(A) પેરિસ કન્વેન્શન (B) મીટર કન્વેન્શન (C) વોર્સો કન્વેન્શન (D) ન્યુયોર્ક કન્વેન્શન — **(B)**

7. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'સિમ્બેક્ષ-19' અભ્યાસનું આયોજન થયું હતું ?
(A) ઓસ્ટ્રેલિયા (B) અમેરિકા (C) મલેશિયા (D) સિંગાપોર **(D)**

8. તાજેતરમાં ભારત અને સિંગાપોરની કઈ સેના વચ્ચે SIMBEX-19 અભ્યાસનું આયોજન થયું હતું ?
(A) આર્મી (B) નેવી (C) એરફોર્સ (D) ઉપરોક્ત ત્રણેય **(B)**

9. તાજેતરમાં ભારત અને સિંગાપોર વચ્ચે યોજાયેલા નૌસેના અભ્યાસ SIMBEX-19ના બીજા સમુદ્રી ચરણનું આયોજન કયાં થયું હતું ?
(A) બંગાળની ખાડી (B) ઉત્તર હિંદ મહાસાગર
(C) દક્ષિણ અને પૂર્વ ચીન સમુદ્ર (D) દક્ષિણ હિંદ મહાસાગર **(C)**

10. તાજેતરમાં ભારત અને સિંગાપોર વચ્ચે યોજાયેલા નૌસેના અભ્યાસ SIMBEX-19માં ભારતના કયા જહાજોએ ભાગ લીધો હતો ?
(A) INS કોલકાતા અને INS કોચી (B) INS કોલકાતા અને INS ચેન્નાઈ
(C) INS કોલકાતા અને INS શક્તિ (D) INS કોલકાતા અને INS રણજીત **(C)**

## 22 MAY, 2019 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 22 મે, આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ (International Day for Biological Diversity)


સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 મેના રોજ **'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 20 ડિસેમ્બર, 2000ના રોજ 22 મેને 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ 22 મે, 1992ના રોજ પસાર કરવામાં આવેલા **નૈરોબી એક્ટ**નું પાલન કરવાનું તથા જૈવ વિવિધતા અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2010ને જૈવ વિવિધતા વર્ષ જાહેર કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2019ની 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની થીમ **'Our Biodiversity, Our Food, Our Health' (અમારી જૈવ વિવિધતા, અમારો ખોરાક, અમારું આરોગ્ય)** છે.

**નોંધ :** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 22 મેને 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ' તરીકે ઉજવવાની કરવામાં આવેલી જાહેરાત અગાઉ દર વર્ષે 29 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની ઉજવણી કરવામાં આવતી હતી.



## ➤ મેન બૂકર પ્રાઈઝ 2019






વર્ષ **2019**ના **મેન બૂકર પ્રાઈઝ** માટે **ઓમાન**ના મહિલા લેખિકા **સુશ્રી જોખા અલ-હર્થી (Jokha al-Harthi)**ની પસંદગી કરવામાં આવી છે.

- સુશ્રી જોખા અલ-હર્થીને તેમની નવલકથા **'સેલેસ્ટિયલ બોડીઝ' (Celestial Bodies)** માટે આ પુરસ્કાર એનાયત થયો છે.
- આ સાથે જ સુશ્રી જોખા અલ-હર્થી મેન બૂકર પ્રાઈઝ મેળવનાર **અરબી ભાષાના પ્રથમ** લેખિકા અથવા તો લેખક બની ગયા છે.
- તેમની 'Celestial Bodies' નામની આ નવલકથા સૌપ્રથમ **અરબી** ભાષામાં **'Sayyidat el-Qamar'** નામથી પ્રસિદ્ધ થઈ હતી.
- જેનો **સુશ્રી મેરિલીન બૂથે** **'Celestial Bodies'** નામથી અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો અને તે **અંગ્રેજી**માં **જૂન 2018**માં પ્રસિદ્ધ થઈ હતી.

### મેન બૂકર પ્રાઈઝ

મેન બૂકર પ્રાઈઝનો પ્રારંભ **1969**થી થયો હતો.

- **બ્રિટન**માં દર વર્ષે **'મેન ગ્રૂપ'** દ્વારા આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.
- **અંગ્રેજીભાષામાં લખાયેલી અને બ્રિટનમાં પબ્લિશ થયેલી બેસ્ટ ઓરિજનલ નવલકથાને** આ પુરસ્કાર આપવામાં આવે છે.
- બૂકર પ્રાઈઝ એ સાહિત્ય ક્ષેત્રનો બ્રિટિશ સંસ્કૃતિનો હાઈ પ્રોફાઈલ એવોર્ડ છે.
- કોમનવેલ્થ, આયર્લેન્ડ, સાઉથ આફ્રિકા (અને ઝિમ્બાબ્વેના) નાગરિકો દ્વારા લખાયેલી મૌલિક અંગ્રેજી નવલકથાને આ એવોર્ડ આપવામાં આવે છે.
- મેન બૂકર પ્રાઈઝ એ **'મેન બૂકર પ્રાઈઝ ફોર ફિક્શન'**નું ટૂંકું નામ છે. તે **'બૂકર મેક કનેલ પ્રાઈઝ'** અને **'બૂકર પ્રાઈઝ'** તરીકે પણ ઓળખાય છે.
- સૌપ્રથમ બ્રિટનના **શ્રી પી.એચ. ન્યૂબીને** **1969**માં **'સમથિંગ ટુ આન્સર ફોર'** નવલકથા માટે આ પુરસ્કાર એનાયત થયો હતો.

### મેન બૂકર પ્રાઈઝ વિજેતા ભારતીય મૂળના લેખકો

મેન બૂકર પ્રાઈઝ વિજેતા ભારતીય અથવા તો ભારતીય મૂળના લેખકોના નામ આ પ્રમાણે છે :

| ક્રમ | વર્ષ | લેખક | નવલકથા |
|---|---|---|---|
| 1 | 1971 | શ્રી વી.એસ.નાયપોલ | ઈન અ ફ્રી સ્ટેટ |
| 2 | 1981 | શ્રી સલમાન રશ્દી | મિડનાઈટ્સ ચિલ્ડ્રન |
| 3 | 1997 | શ્રીમતી અરુંધતિ રોય | ધ ગોડ ઓફ સ્મોલ થિંગ્સ |
| 4 | 2006 | શ્રીમતી કિરણ દેસાઈ | ધ ઈનહેરિટન્સ ઓફ લોસ |
| 5 | 2008 | શ્રી અરવિંદ અડિગ | ધ વ્હાઈટ ટાઈગર |

**નોંધ :** મેન બૂકર પ્રાઈઝ વિજેતા ભારતીય મૂળના પ્રથમ લેખક **શ્રી વી. એસ. નાયપોલનું** પૂરું નામ **શ્રી વિદ્યાધર સૂરજપ્રસાદ નાયપોલ** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ અરૂણાચલ પ્રદેશમાં થયેલા ઉગ્રવાદી હુમલામાં NPPના ધારાસભ્ય સહિત 11ના મોત

<u>અરૂણાચલ પ્રદેશ</u>ના <u>તિરપ જિલ્લા</u>માં થયેલા ઉગ્રવાદી હુમલામાં NPPના ધારાસભ્ય <u>શ્રી તિરોંગ અબોહ</u> સહિત 11 લોકોના મોત થયા છે.

- શ્રી તિરોંગ અબોહ આસામથી પોતાના મત વિસ્તારમાં જઈ રહ્યા હતા ત્યારે આ હુમલો થયો હતો.
- આ હુમલા પાછળ <u>નેશનલ સોશલિસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડ</u>ના ઉગ્રવાદીઓનો હાથ હોવાની આશંકા છે.

## ➤ શ્રી કામી રીતા શેરપાએ એક અઠવાડિયામાં બીજી વાર માઉન્ટ એવરેસ્ટ સર કર્યો



<u>નેપાળ</u>ના 50 વર્ષીય પર્વતારોહક <u>શ્રી કામી રીતા શેરપા</u>એ 15 મે 2019ના રોજ સૌથી વધુ <u>23મી</u> વખત <u>માઉન્ટ એવરેસ્ટ</u> શિખર સર કર્યું હતું.

- ત્યારબાદ તેમણે તાજેતરમાં એક અઠવાડિયામાં <u>બીજી વખત</u> માઉન્ટ એવરેસ્ટ સર કર્યું છે.
- અને આ સાથે જ પોતાનો જ રેકોર્ડ તોડીને તેઓ હવે <u>સૌથી વધુ 24 વખત</u> માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પર્વતારોહક બની ગયા છે.
- <u>શ્રી કામી રીતા શેરપા</u>એ <u>24મી વખત</u> એવરેસ્ટ સર કરીને નવો રેકોર્ડ સર્જ્યો છે.

ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 19 મે (B) 20 મે (C) 21 મે (D) 22 મે **(D)**

2. વર્ષ 2019ના 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની થીમ શું છે ?
(A) જૈવ વિવિધતા પર કામગીરીના 25 વર્ષની ઉજવણી
(B) જૈવ વિવિધતા અને ક્લાયમેટ ચેન્જ
(C) જૈવ વિવિધતા : બધા માટે ખોરાક, પાણી અને આરોગ્ય
(D) અમારી જૈવ વિવિધતા, અમારો ખોરાક, અમારું આરોગ્ય **(D)**

3. મેન બૂકર પ્રાઈઝ 2019 વિજેતા વ્યક્તિનું નામ શું છે ?
(A) સુશ્રી ઓલ્ગા ટોકર્ક્ઝુક (B) સુશ્રી ઝોયા અલ-હર્થી
(C) સુશ્રી જોખા અલ-હર્થી (D) સુશ્રી દિયા અલ-હર્થી **(C)**

4. સુશ્રી જોખા અલ-હર્થીને કઈ નવલકથા માટે વર્ષ 2019નો મેન બૂકર પ્રાઈઝ એનાયત થયો છે ?
(A) સેલેસ્ટિયલ બોડીઝ (B) ઓફશ્યોર બોડીઝ
(C) ફ્લાઈટ્સ (D) ટ્રબલ્સ ઓફ બોડીઝ **(A)**

5. તાજેતરમાં સુશ્રી જોખા અલ-હર્થીને વર્ષ 2019નો મેન બૂકર પ્રાઈઝ એનાયત થયો છે.....તેમના દેશનું નામ શું છે ?
(A) સાઉદી અરેબિયા (B) યુનાઈટેડ આરબ અમિરાત
(C) ઈરાન (D) ઓમાન **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. સુશ્રી જોખા અલ-હર્થી કઈ ભાષાના 'મેન બૂકર પ્રાઈઝ' વિજેતા પ્રથમ લેખિકા છે ?
(A) ઉર્દૂ (B) અરબી (C) તૂર્કી (D) પર્શિયન **(B)**

7. મેન બૂકર પ્રાઈઝના સંદર્ભમાં નીચેનામાંથી કયા વિધાનો સાચા છે ?
1. તેનો પ્રારંભ 1969થી થયો હતો.
2. સૌપ્રથમ શ્રી પી. એચ. ન્યૂબીને આ એવોર્ડ એનાયત થયો હતો.
3. તે બ્રિટન દ્વારા અપાતો સાહિત્ય ક્ષેત્રનો હાઈ પ્રોફાઈલ પુરસ્કાર છે.
4. બ્રિટનના 'મેનગ્રુપ' દ્વારા આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.
5. અંગ્રેજીભાષામાં લખાયેલી અને બ્રિટનમાં પબ્લિશ થયેલી બેસ્ટ ઓરિજનલ નવલકથાને આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.
Ans : (A) 1, 2, 3 (B) 1, 3, 4, 5 (C) 1, 3, 4 (D) 1, 2, 3, 4, 5 **(D)**

8. મેન બૂકર પ્રાઈઝ વિજેતા ભારતીય મૂળના પ્રથમ લેખકનું નામ શું છે ?
(A) શ્રી સલમાન રશ્દી (B) શ્રીમતી કિરણ દેસાઈ
(C) શ્રી અરવિંદ અડિગ (D) શ્રી વી. એસ. નાયપોલ **(D)**

9. તાજેતરમાં અરૂણાચલ પ્રદેશના કયા જિલ્લામાં થયેલા ઉગ્રવાદી હુમલામાં NPPના ધારાસભ્ય શ્રી તિરોંગ અબોહ સહિત 11 લોકોના મોત થયા હતા ?
(A) ત્વાંગ (B) લોહિત
(C) સિયાંગ (D) તિરપ **(D)**

10. નેપાળના શ્રી કામી રીતા શેરપાએ મે 2019માં એક અઠવાડીયામાં બીજી વખત માઉન્ટ એવરેસ્ટ શિખર સર કરીને સૌથી વધુ કેટલી વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પર્વતારોહક બની ગયા છે ?
(A) 22 (B) 24 (C) 26 (D) 28 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 23 MAY, 2019 THURSDAY

## ➤ ઈસરોએ RISAT-2B નામનો ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ કર્યો

22 મે, 2019ના રોજ ભારતે RISAT-2B નામનો અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ સફળતાપૂર્વક લોન્ચ કર્યો છે.

- ભારતમાં આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરના પહેલા નંબરના લોન્ચ પેડ પરથી આ ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો હતો.
- PSLV-C46 નામના રોકેટની મદદથી RISAT-2B નામનો આ ઉપગ્રહ લોન્ચ થયો છે.

### RISAT-2Bની વિશેષતા

RISAT-2Bએ રડાર ઈમેજિંગ પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ છે.

- તે જાસૂસી માટે પણ ઉપયોગી છે.
- આ ઉપગ્રહની મદદથી રાત્રે કે દિવસે તથા કોઈપણ ઋતુમાં અને વરસાદ કે વાદળો વચ્ચે પણ પૃથ્વીનું હાઈ રિઝોલ્યૂશન ચિત્ર લઈ શકાય છે.

- આ ઉપગ્રહ કૃષિ, વનસંવર્ધન અને આપત્તિ વ્યવસ્થાપન માટે પણ ઉપયોગી થશે.
- આ જાસૂસી ઉપગ્રહ ભારતની સુરક્ષા માટે અત્યંત ઉપયોગી છે. આ ઉપગ્રહની મદદથી ભારતના સરહદી વિસ્તારો તથા પાકિસ્તાનમાં આતંકી કેમ્પો પર નજર રાખી શકાશે.
- આ ઉપગ્રહમાં 3.6 મીટર રેડિયલ રિબ એન્ટિના ટેક્નિકનો ઉપયોગ થયો છે.

## RISAT શ્રેણીના ઉપગ્રહ

ભારતે આ અગાઉ 20 એપ્રિલ, 2009ના રોજ RISAT-2 નામનો ઉપગ્રહ લોન્ચ કર્યો હતો.

- ત્યારબાદ ઈસરો દ્વારા 26 એપ્રિલ, 2012ના રોજ RISAT-1 નામનો ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો હતો.
- RISAT-2ને લોન્ચ કરવા માટે PSLV-CA તથા RISAT-1 લોન્ચ કરવા માટે PSLV-XL નામના રોકેટનો ઉપયોગ થયો હતો.

**નોંધ :** PSLVનું પૂરું નામ Polar Satellite Launch Vehicle છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ➤ ભારતીય વાયુસેના દ્વારા બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરીક્ષણ

22 મે, 2019ના રોજ ભારતીય વાયુસેના દ્વારા **બ્રહ્મોસ મિસાઈલનું** **Sukhoi SU-30 MKI** વિમાનમાંથી સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- હવામાંથી પ્રક્ષેપિત થતી આ મિસાઈલનું **વજન 2.5 ટન** છે.
- **હવામાંથી જમીન પર પ્રહાર કરતી** આ બ્રહ્મોસ મિસાઈલ એ **એક સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ** છે.
- અને તેની મારક ક્ષમતા **300 કિલોમીટર** સુધીની છે.
- આ અગાઉ **22 નવેમ્બર, 2017**ના રોજ ભારતીય વાયુસેના દ્વારા **સુખોઈ-30 MKI** વિમાન પરથી બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેની ઝડપ **2.8 મેક** (એટલે કે અવાજની ગતિથી 2.8 ગણી વધારે) હતી.
- જેમાં સુખોઈ-30 MKI વિમાનમાંથી છોડાયેલી બ્રહ્મોસ મિસાઈલે બંગાળના અખાતમાં સ્થિત પોતાના લક્ષ્ય પર સચોટ નિશાન તાક્યું હતું.
- એ સમયે ભારત વિશ્વનો એવો પહેલો દેશ બની ગયો હતો કે જેની પાસે જમીન, પાણી અને હવામાંથી એમ કોઈપણ સ્થળેથી છોડી શકાતી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ હોય.
- 22 નવેમ્બર, 2017 બાદ આ મિસાઈલનું આ બીજું પરીક્ષણ છે.

**નોંધ :** બ્રહ્મોસ મિસાઈલ **નવેમ્બર, 2006**થી ભારતીય સેનામાં શામેલ કરવામાં આવી છે. તેમાં નવા ફેરફારો કરીને તેની ક્ષમતામાં વધારો કરવામાં આવી રહ્યો છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### બ્રહ્મોસ મિસાઈલનું નિર્માણ

બ્રહ્મોસ મિસાઈલ એ **રશિયા**ના **NPO Mashinostroeyenia** અને **ભારત**ના **DRDO** વચ્ચેનું સંયુક્ત સાહસ છે.


- બ્રહ્મોસ મિસાઈલના નિર્માણ માટે **'બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડ'** નામની કંપનીની રચના કરવામાં આવી છે. 'બ્રહ્મોસ એરોસ્પેસ લિમિટેડ' દ્વારા તેનું નિર્માણ કરવામાં આવે છે.
- ભારતની **બ્રહ્મપુત્રા** અને રશિયાની **મોસ્કવા નદી**ના નામ પરથી આ મિસાઈલનું નામ **બ્રહ્મોસ** રાખવામાં આવ્યું છે.
- રશિયાની **P-800 ઓનિક્સ** ક્રુઝ મિસાઈલ તથા એ પ્રકારની અન્ય મિસાઈલ પરથી બ્રહ્મોસ મિસાઈલની રચના કરવામાં આવી છે.

### બ્રહ્મોસ મિસાઈલની વિશેષતા

- બ્રહ્મોસ **મીડિયમ રેન્જની સુપર સોનિક ક્રુઝ મિસાઈલ** છે.
- બ્રહ્મોસ જળ, જમીન અને હવામાંથી એટલે કે સબમરીન, જહાજ, એરક્રાફ્ટ અને જમીન પરથી લોન્ચ થઈ શકે છે.
- બ્રહ્મોસ **વિશ્વની સૌથી ઝડપી સુપર સોનિક ક્રુઝ મિસાઈલ** છે. તેમાં રેમજેટ એન્જિનનો ઉપયોગ થાય છે.
- તે ઓપરેશન દરમિયાન **વિશ્વની સૌથી ઝડપી એન્ટી-શિપ ક્રુઝ મિસાઈલ** છે.
- તે **2.8 થી 3.0 મેક**ની ઝડપથી ગતિ કરે છે. તેની આ સ્પીડ વધારીને **5.0 મેક** સુધી અપગ્રેડ કરવામાં આવી રહી છે.

**નોંધ :** (1) DRDOનું પૂરું નામ 'ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન' છે.
(2) બ્રહ્મોસ મિસાઈલ એ ભારતીય વાયુસેનાને દિવસ અથવા રાત તથા કોઈપણ મોસમમાં સમુદ્ર અથવા જમીન પરના કોઈપણ લક્ષ્યને સચોટ નિશાન બનાવવાની ક્ષમતા આપે છે.

## ➤ યુનાઈટેડ નેશન્સના રિપોર્ટ અનુસાર 2019માં ભારતનો GDP 7.0 ટકા રહેવાની સંભાવના




યુનાઈટેડ નેશન્સ દ્વારા મે 2019માં પ્રસિદ્ધ કરવામાં આવેલા World Economic Situation and Prospects (WESP) મિડ-યર અપડેટ રિપોર્ટ અનુસાર વર્ષ 2019માં ભારતનો GDP વૃદ્ધિ દર 7.0 ટકા રહેવાની સંભાવના છે.

- જ્યારે આ રિપોર્ટ અનુસાર 2020માં ભારતનો GDP વૃદ્ધિ દર 7.1 ટકા રહેવાનો અંદાજ છે.
- જોકે આ અગાઉ જાન્યુઆરી 2019 દરમિયાન પ્રસિદ્ધ કરવામાં આવેલા આ રિપોર્ટમાં યુએન દ્વારા વર્ષ 2019 અને 2020માં ભારતનો GDP વૃદ્ધિ દર અનુક્રમે 7.6 ટકા અને 7.4 ટકા રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી.
- જોકે આ અંદાજ હવે ઘટાડવામાં આવ્યો છે.

### વર્ષ 2019 માટે ભારતના GDP વૃદ્ધિ દરનો અંદાજ

| ક્રમ | સંસ્થા | અંદાજિત GDP વૃદ્ધિ દર |
|---|---|---|
| 1 | વર્લ્ડ બેન્ક | 7.5 ટકા |
| 2 | એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) | 7.2 ટકા |
| 3 | RBI | 7.2 ટકા |
| 4 | IMF | 7.3 ટકા |
| 5 | યુનાઈટેડ નેશન્સ | 7.0 ટકા |

**નોંધ :** GDPનું પૂરું નામ Gross Domestic Product (કુલ ઘરેલુ ઉત્પાદન) છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. 22 મે, 2019ના રોજ ઈસરો દ્વારા કયો ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો છે ?
   (A) RISAT-1 (B) RISAT-1B (C) RISAT-2 (D) RISAT-2B **(D)**

2. 22 મે, 2019ના રોજ ઈસરો દ્વારા કયા રોકેટની મદદથી RISAT-2B નામનો ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો છે ?
   (A) PSLV-C42 (B) PSLV-C44 (C) PSLV-C46 (D) PSLV-C48 **(C)**

3. 22 મે, 2019ના રોજ ઈસરો દ્વારા ક્યાંથી RISAT-2B નામનો ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો છે ?
   (A) સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા (ઓડિશા)
   (B) સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા (આંધ્રપ્રદેશ)
   (C) સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા (તેલંગણા)
   (D) સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા (તમિલનાડુ) **(B)**

4. તાજેતરમાં ભારતે લોન્ચ કરેલો ઉપગ્રહ RISAT-2B કયા પ્રકારનો ઉપગ્રહ છે ?
   (A) સંદેશાવ્યવહાર (B) પર્યાવરણ (C) નિરીક્ષણ (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

| | | |
|---|---|---|
| 5. | 22 મે, 2019ના રોજ ભારતીય વાયુસેના દ્વારા કઈ મિસાઈલનું એક યુદ્ધ વિમાનમાંથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?<br>(A) અગ્નિ (B) પૃથ્વી (C) બ્રહ્મોસ (D) શક્તિ | (C) |
| 6. | 22 મે, 2019ના રોજ ભારતીય વાયુસેના દ્વારા ભારતીય વાયુસેનાના કયા યુદ્ધ વિમાનમાંથી બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?<br>(A) MiG-21 (B) Sukhoi SU-30 MKI (C) Mirage 2000 (D) MiG-29 | (B) |
| 7. | તાજેતરમાં 22 મે, 2019ના રોજ ભારતીય વાયુસેના દ્વારા બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ મિસાઈલ કયા પ્રકારની છે ?<br>(A) સુપર સોનિક (B) હાઈપર સોનિક<br>(C) સુપર સોનિક ક્રૂઝ મિસાઈલ (D) હાઈપર સોનિક ક્રૂઝ મિસાઈલ | (C) |
| 8. | 22 મે, 2019ના રોજ ભારતે કયા પ્રકારની પ્રહાર ક્ષમતા ધરાવતી બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે ?<br>(A) જમીન પરથી હવામાં (B) જમીન પરથી જમીન પર<br>(C) હવામાંથી જમીન પર (D) પાણીમાંથી જમીન પર | (C) |
| 9. | મે 2019 દરમિયાન યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા 'વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ' (WESP) રિપોર્ટ અનુસાર વર્ષ 2019માં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ?<br>(A) 7.0 (B) 7.1 (C) 7.2 (D) 7.4 | (A) |
| 10. | મે 2019 દરમિયાન યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા 'વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ' (WESP) રિપોર્ટ અનુસાર વર્ષ 2020માં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ?<br>(A) 7.0 (B) 7.1 (C) 7.2 (D) 7.4 | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 24 MAY, 2019 FRIDAY

### ➤ સુશ્રી ભાવના કાંત ભારતના પ્રથમ મહિલા ઓપરેશનલ ફાઈટર પાઈલટ બન્યા

સુશ્રી અવની ચતુર્વેદી, સુશ્રી મોહના સિંઘ અને સુશ્રી ભાવના કાંત ભારતીય વાયુસેનાના પ્રથમ મહિલા ફાઈટર પાઈલટ (એટલે કે લડાકુ અથવા તો યુદ્ધ વિમાનના પાઈલોટ) છે.

- ભારતીય વાયુસેના દ્વારા આ ત્રણ મહિલા અધિકારીઓને ફાઈટર પાઈલટ તરીકે તાલીમ આપવામાં આવી રહી હતી.
- જેમાંથી સુશ્રી ભાવના કાંતે પોતાની ટ્રેઈનિંગ પૂરી કરી લીધી છે અને હવે તેઓ મિશન પર જવા માટે તૈયાર છે.
- ફ્લાઈટ લેફ્ટિનેન્ટ ભાવના કાંતે MiG - 21 Bison નામના ફાઈટર પ્લેનની તેમની ટ્રેઈનિંગની અંતિમ ઉડાન સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.
- આથી, હવે તેઓ દિવસના સમયે ભારતીય એરફોર્સના ફાઈટર પ્લેનના મિશનમાં ભાગ લઈ શકશે.
- આ સાથે જ સુશ્રી ભાવના કાંત ભારતના પ્રથમ મહિલા ઓપરેશનલ ફાઈટર પાઈલટ બની ગયા છે.

**નોંધ :** (1) સુશ્રી ભાવના કાંતે હાલ ફક્ત દિવસમાં ઉડાન ભરવા માટેનો **'ઓપરેશન બાય ડે'** સિલેબસ જ પૂરો કર્યો છે. આથી, તેઓ દિવસના સમયે મિશનમાં સામેલ થઈ શકશે. પરંતુ રાત્રિના સમયે મિશનમાં ભાગ નહિ લઈ શકે. આ માટે તેમણે અલગથી ટ્રેઈનિંગ લેવાની રહેશે.

(2) સુશ્રી ભાવના કાંતનો જન્મ 1 ડિસેમ્બર, 1992ના રોજ **બિહાર**ના **બેગુસરાઈ** જિલ્લાના **બરૌની**માં થયો હતો.

(3) **મિગ-21 બાઈસન** વિમાન દ્વારા જ શ્રી અભિનંદન વર્ધમાને 27 ફેબ્રુઆરી, 2019ના રોજ પાકિસ્તાનનું **F-16** વિમાન તોડી પાડ્યું હતું.

## ➤ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ શ્રી જોકો વિડોડોના ચૂંટણી વિજય બાદ જકાર્તામાં હિંસા



તાજેતરમાં 17 એપ્રિલ, 2019ના રોજ **ઈન્ડોનેશિયા**માં **સામાન્ય ચૂંટણી**નું આયોજન થયું હતું.

- જેમાં ઈન્ડોનેશિયાના ઈતિહાસમાં સૌપ્રથમ વખત રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, ઈન્ડોનેશિયાની સંસદના સભ્યો તથા સ્થાનિક વિધાનસભાના સભ્યોની ચૂંટણી માટે એક જ દિવસે મતદાન થયું હતું.
- બેલેટ પેપરથી થયેલા આ મતદાનમાં લાંબો સમય ચાલેલી મતગણતરીની પ્રક્રિયામાં આશરે 569 જેટલા કર્મચારીઓના ડિહાઈડ્રેશન કે પછી ચૂંટણીના થાકને કારણે મૃત્યુ થયા હતા.

### ચૂંટણીનું પરિણામ

21 મે, 2019ના રોજ આ ચૂંટણીનું પરિણામ જાહેર થયું હતું.

- જેમાં ઈન્ડોનેશિયાના **સાતમા** રાષ્ટ્રપતિ **શ્રી જોકો વિડોડો**ને **55.50%** મત મળ્યા હતા અને તેઓ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ તરીકે **ફરીથી ચૂંટાઈ આવ્યા હતા.**
- જ્યારે તેમના હરિફ ઉમેદવાર **શ્રી પ્રબોવો સુબિએન્ટો**ને આ ચૂંટણીમાં **44.50%** મત મળ્યા હતા. અને તેમનો પરાજય થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ચૂંટણી પરિણામનો વિરોધ



- જોકે ચૂંટણી પરિણામો બાદ શ્રી પ્રબોવો સુબિએન્ટોના સમર્થકોએ ચૂંટણી પરિણામનો વિરોધ કર્યો હતો. અને આ વિરોધે હિંસક સ્વરૂપ ધારણ કરતા ઈન્ડોનેશિયાની રાજધાની **જકાર્તા**માં 6 લોકોના મોત થયા હતા અને 200થી વધુ લોકો ઘાયલ થયા હતા.
- શ્રી પ્રબોવો સુબિએન્ટો અને તેમના સમર્થકોના મતે આ ચૂંટણીમાં ભારે ગરબડ થઈ હતી. અને ચૂંટણીની મતગણતરી દરમિયાન થયેલા 569 કર્મચારીઓના મૃત્યુનું કારણ ડિહાઈડ્રેશન કે ચૂંટણીનો થાક નહિ પરંતુ ચૂંટણી પ્રક્રિયામાં થયેલી ગેરરીતિ હતી. આથી, તેમણે આ ચૂંટણી પરિણામનો વિરોધ કર્યો હતો.

**નોંધ :** (1) **ઈન્ડોનેશિયા** વિશ્વનો **ત્રીજા નંબરનો સૌથી મોટો** લોકતાંત્રિક દેશ છે.

(2) 17 એપ્રિલ, 2019ના રોજ ઈન્ડોનેશિયામાં યોજાયેલા મતદાનનો **‘વૈશ્વિક ઈતિહાસમાં સૌથી જટિલ એક દિવસીય મતદાનો પૈકી એક’’** તરીકે સમાવેશ થયો છે.

(3) ઈન્ડોનેશિયાના સાતમા અને વર્તમાન (24 મે, 2019ની સ્થિતિએ) રાષ્ટ્રપતિ **શ્રી જોકો વિડોડો**ના પક્ષનું નામ **‘ઈન્ડોનેશિયન ડેમોક્રેટિક પાર્ટી ઓફ સ્ટ્રગલ’** છે. તેને **PDI-P** તરીકે પણ ઓળખવામાં આવે છે.

(4) જ્યારે **શ્રી પ્રબોવો સુબિએન્ટો**ના પક્ષનું નામ **‘ગ્રેટ ઈન્ડોનેશિયા મૂવમેન્ટ પાર્ટી’** છે. તેને **Gerindra** તરીકે પણ ઓળખવામાં આવે છે.

(5) ઈન્ડોનેશિયાની રાજધાની **જકાર્તા** અને તેનું ચલણ **ઈન્ડોનેશિયન રૂપિયા** છે.

(6) **ઈન્ડોનેશિયા** વિશ્વમાં **સૌથી વધુ ટાપુઓ (17,000થી વધુ)** ધરાવતો દેશ છે. અને ઈન્ડોનેશિયાનો જાવા નામનો ટાપુ **વિશ્વમાં સૌથી વધુ વસતી ધરાવતો ટાપુ** છે.

## ICE Questions

1. ભારતના પ્રથમ મહિલા ઓપરેશનલ ફાઈટર પાઈલટનું નામ શું છે ?
   (A) સુશ્રી અવની ચતુર્વેદી (B) સુશ્રી મોહના સિંઘ
   (C) સુશ્રી મેઘના વર્મા (D) સુશ્રી ભાવના કાંત **(D)**

2. ભારતના પ્રથમ મહિલા ઓપરેશનલ ફાઈટર પાઈલટ સુશ્રી ભાવના કાંતે તેમની ટ્રેઈનિંગની અંતિમ ઉડાણ કયા પ્લેનમાં સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી ?
   (A) Mirage 2000 (B) MiG - 29
   (C) MiG - 21 (D) Sukhoi SU - 30 MKI **(C)**

3. તાજેતરમાં ઈન્ડોનેશિયામાં યોજાયેલી ચૂંટણીમાં ઈન્ડોનેશિયાના કયા રાષ્ટ્રપતિ ફરીથી ચૂંટાઈ આવ્યા છે ?
   (A) શ્રી જોકો વિડોડો (B) શ્રી પ્રબોવો સુબિએન્ટો
   (C) શ્રી સુકર્ણો વિડોડો (D) શ્રી સુહર્તો વિડોડો **(A)**

4. તાજેતરમાં ફરીથી ચૂંટાઈ આવેલા ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ શ્રી જોકો વિડોડોના પક્ષનું નામ શું છે ?
   (A) ગ્રેટ ઈન્ડોનેશિયા મૂવમેન્ટ પાર્ટી
   (B) ઈન્ડોનેશિયન ડેમોક્રેટિક પાર્ટી ઓફ સ્ટ્રગલ
   (C) નેશનલ અવેકનિંગ પાર્ટી ઓફ ઈન્ડોનેશિયા
   (D) ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડોનેશિયા **(B)**

5. તાજેતરમાં શ્રી જોકો વિડોડો તેમના કયા હરિફ ઉમેદવારને પરાજય આપીને ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ તરીકે ફરીથી ચૂંટાઈ આવ્યા છે ?
   (A) શ્રી પ્રણવ સુહર્તો (B) શ્રી પ્રબોવો સુકર્ણો
   (C) શ્રી પ્રબોવો સુબિએન્ટો (D) શ્રી પ્રબોવો સુખોસુખો **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 25 MAY, 2019 SATURDAY

## ➢ દિવસ મહિમા : 25 મે, (1) વર્લ્ડ થાઈરોઈડ ડે
(2) ઈન્ટરનેશનલ મિસિંગ ચિલ્ડ્રન્સ ડે

## ➢ વિશ્વના સૌથી મોટા લોકતાંત્રિક પર્વમાં પ્રચંડ પુરુષાર્થનો પ્રચંડ વિજય : ન્યૂ ઈન્ડિયાના સર્જન માટે ન્યૂ ઈન્ડિયાનો જનાદેશ

તાજેતરમાં ભારતમાં 11 એપ્રિલથી 19 મે, 2019 દરમિયાન **17મી લોકસભા** માટે **સાત તબક્કા**માં મતદાનનું આયોજન થયું હતું.

- જેમાં ભારતની 543 લોકસભા બેઠકોમાંથી 542 બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી.
- જ્યારે **તમિલનાડુ**ની **વેલ્લોર** લોકસભા બેઠક પરથી DMKના એક નેતા પાસેથી રૂ. 11 કરોડથી વધુ રોકડ રકમ મળી આવતા 'નોટના બદલામાં વોટ ખરીદવાના' આરોપોને કારણે ચૂંટણી પંચે **વેલ્લોર લોકસભા બેઠક**ની ચૂંટણી મોકૂફ રાખી હતી. જે હવે પછી યોજાશે.
- ભારત **વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ** છે.
- ભારતમાં યોજાયેલા આ વિશ્વના સૌથી મોટા લોકતાંત્રિક પર્વમાં આશરે 60 કરોડથી વધુ લોકોએ મતદાન કર્યું હતું.
- જેમાં ભારતના **14મા** વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** ફરીથી ચૂંટાઈ આવ્યા છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## વસતીની દષ્ટિએ વિશ્વના સૌથી મોટા 4 લોકશાહી દેશો

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | ભારત |
| 2 | અમેરિકા |
| 3 | ઈન્ડોનેશિયા |
| 4 | બ્રાઝિલ |

## વર્ષ 2019ની લોકસભા ચૂંટણીમાં મતદાન

ચૂંટણી પંચના પ્રારંભિક અંદાજ અનુસાર ભારતમાં તાજેતરમાં યોજાયેલી વર્ષ 2019ની લોકસભા ચૂંટણીમાં સાતેય તબક્કાનું સરેરાશ મતદાન 67.11 ટકા હતું.

- જે ભારતમાં અત્યાર સુધી યોજાયેલી તમામ લોકસભા ચૂંટણીઓમાં **સૌથી વધુ** છે.
- ભારતમાં આ અગાઉ વર્ષ 2014માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં સરેરાશ મતદાન 66.40 ટકા હતું.
- જે વર્ષ 2014 સુધીનું ભારતનું લોકસભા ચૂંટણીમાં થયેલું હાઈએસ્ટ વોટિંગ હતું.

**ખાસ નોંધ :** વર્ષ 2019ની લોકસભા ચૂંટણીમાં થયેલા સરેરાશ મતદાનની ઉપરોક્ત ટકાવારી ચૂંટણી પંચે હંગામી ધોરણે જાહેર કરી છે. આથી, તેમાં ફેરફાર થવાની શક્યતા છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્ષ 2019નું ચૂંટણી પરિણામ

વર્ષ 2019માં ભારતમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મુખ્ય સ્પર્ધા **ભારતીય જનતા પાર્ટી**ના નેતૃત્વવાળા ગઠબંધન NDA અને **ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ**ના નેતૃત્વ હેઠળના ગઠબંધન UPA વચ્ચે હતી.

- જેમાં NDAનો 353 અને UPAનો 92 બેઠકો પર વિજય થયો છે.
- NDAનું પૂરું નામ National Democratic Alliance છે.
- જ્યારે UPAનું પૂરું નામ United Progressive Alliance છે.
- આ અગાઉ વર્ષ 2014માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં **ભારતીય જનતા પાર્ટી**ને 282 બેઠકો મળી હતી. જ્યારે વર્ષ 2019માં 303 સીટો પર તેનો વિજય થયો છે.
- ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર ભારતમાં લોકસભામાં વધુમાં વધુ 552 બેઠકો ફાળવવામાં આવી છે. જોકે, ભારતમાં લોકસભાની હાલની કુલ સભ્ય સંખ્યા 543+2 = 545 છે.
- જેમાંથી 2 **ઍંગ્લો ઈન્ડિયન સભ્યો**ની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
- અને બાકીની 543 બેઠકો માટે મતદાન થાય છે.
- આથી, આ ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી માટે 272 સીટની જરૂર હોય છે.

## વર્ષ 2019ની લોકસભા ચૂંટણીમાં સૌથી વધુ બેઠકો મેળવનારા પ્રથમ 10 પક્ષો

| ક્રમ | પક્ષનું નામ | મેળવેલ બેઠક |
|---|---|---|
| 1 | ભારતીય જનતા પાર્ટી | 303 |
| 2 | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | 52 |

| | | |
|---|---|---|
| 3 | દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK - તમિલનાડુ) | 23 |
| 4 | ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (પશ્ચિમ બંગાળ) | 22 |
| | યુવાજન શ્રમિક રાયતુ કોંગ્રેસ પાર્ટી (YSR કોંગ્રેસ પાર્ટી, આંધ્રપ્રદેશ) | 22 |
| 5 | શિવસેના (મહારાષ્ટ્ર) | 18 |
| 6 | જનતા દળ (યુનાઈટેડ) | 16 |
| 7 | બીજૂ જનતા દળ (BJD - ઓડિશા) | 12 |
| 8 | બહુજન સમાજ પાર્ટી (BSP- ઉત્તરપ્રદેશ) | 10 |
| 9 | તેલંગાણા રાષ્ટ્ર સમિતિ (TRS- તેલંગાણા) | 9 |
| 10 | લોક જનશક્તિ પાર્ટી (LJP - બિહાર) | 6 |

**નોંધ :** (1) ભારતમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ચૂંટણી પંચ દ્વારા ભારતમાં સ્માર્ટ ફોન પર ચૂંટણી પરિણામ જોઈ શકાય તે માટે 'Voter Helpline' નામની મોબાઈલ એપ સૌપ્રથમ વખત લોન્ચ કરવામાં આવી હતી.

(2) વર્ષ 2019ની લોકસભા ચૂંટણીમાં ભારતમાં કર્ણાટકની બેંગાલુર (દક્ષિણ)ની સીટ પરથી ચૂંટાઈ આવેલા ભાજપના સાંસદ શ્રી તેજસ્વી સૂર્યાની ઉંમર 28 વર્ષ છે. આથી, તેમને તાજેતરમાં ચૂંટાઈ આવેલા ભારતના સૌથી યુવા સાંસદ માનવામાં આવે છે.

## ICE Questions

1. ભારતમાં વર્ષ 2019માં કેટલામી લોકસભા માટે ચૂંટણીનું આયોજન થયું હતું ?
(A) 15 મી (B) 16 મી (C) 17 મી (D) 18 મી — **(C)**

2. તાજેતરમાં ભારતમાં 11 એપ્રિલથી 19 મે 2019 દરમિયાન યોજાયેલી લોકસભા ચૂંટણીમાં સાત તબક્કામાં કેટલી બેઠકો માટે મતદાન થયું હતું ?
(A) 545 (B) 544 (C) 543 (D) 542 — **(D)**

3. તાજેતરમાં ભારતમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ચૂંટણી પંચે નોટના બદલામાં વોટ ખરીદવાની આશંકાને કારણે કઈ બેઠક પરની ચૂંટણી મોકૂફ રાખી હતી ?
(A) વિલુપ્પુરમ (B) વિરુધુનગર (C) એરિયાલુર (D) વેલ્લોર — **(D)**

4. શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના કેટલામા વડાપ્રધાન છે ?
(A) 14મા (B) 15મા (C) 16મા (D) 17મા — **(A)**

5. વસતીની દષ્ટિએ વિશ્વના ચાર સૌથી મોટા લોકશાહી દેશોનો સાચો ક્રમ કયો છે ?
(A) ભારત, અમેરિકા, ઈન્ડોનેશિયા, જાપાન (B) ભારત, અમેરિકા, ઈન્ડોનેશિયા, બ્રાઝિલ
(C) ભારત, અમેરિકા, ઈન્ડોનેશિયા, મેક્સિકો (D) ભારત, અમેરિકા, ઈન્ડોનેશિયા, ફિલિપિન્સ — **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. ભારતીય ચૂંટણી પંચના પ્રાથમિક અંદાજ અનુસાર વર્ષ 2019ની લોકસભા ચૂંટણીમાં સરેરાશ કેટલા ટકા મતદાન થયું હતું ?
(A) 66.40 (B) 67.11 (C) 67.40 (D) 66.11 **(B)**

7. ભારતમાં લોકસભા ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી માટે ઓછામાં ઓછી કેટલી સીટો જરૂરી છે ?
(A) 270 (B) 271 (C) 272 (D) 273 **(C)**

8. ભારતમાં ચૂંટણી પંચે લોન્ચ કરેલી કઈ મોબાઈલ એપ પર ભારતમાં સૌપ્રથમ વખત સ્માર્ટ ફોન પર ચૂંટણી પરિણામો પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા ?
(A) Election India (B) Election Helpline (C) Voter India (D) Voter Helpline **(D)**

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ સુરતના ટ્યુશન ક્લાસમાં ભીષણ આગથી 19 બાળકોનાં અવસાન

24 મે 2019ના રોજ ગુજરાતમાં **સુરત** શહેરના **સરથાણા નેચરપાર્ક** અથવા તો **સરથાણા જકાતનાકા** પાસે આવેલા **તક્ષશિલા આર્કેડ** નામના કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં લાગેલી ભીષણ આગમાં આશરે 19થી વધુ બાળકો અવસાન પામ્યા છે.

## ભારત

### ➤ ભારતના ત્રણ વર્લ્ડ હેરિટેજ સ્મારકોમાં બેબી ફિડિંગ રૂમ બનશે

ભારતમાં વર્લ્ડ હેરિટેજ સ્મારકોમાં સમાવેશ પામેલ **તાજમહેલ**, **ફતેહપુર સિકરી** અને **આગ્રાના કિલ્લા**માં બેબી ફિડિંગ રૂમ બનાવવામાં આવશે. આ ત્રણ ભારતના પ્રથમ સ્મારક બનશે કે જયાં મહિલાઓ માટે આ સુવિધા શરૂ કરવામાં આવી હોય.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ 'એક ચિડિયા...અનેક ચિડિયા' ગીત તથા એનિમેટેડ ફિલ્મના નિર્માતા શ્રીમતી વિજયા મૂલેનું નિધન

ભારતમાં દૂરદર્શન પર અનેક વખત પ્રસિદ્ધ થયેલી અને બાળકોમાં ખૂબ જ લોકપ્રિય બનેલી **'એક ચિડિયા...અનેક ચિડિયા'** એનિમેટેડ ફિલ્મ તથા ગીતના નિર્માતા **શ્રીમતી વિજયા મૂલે**નું 98 વર્ષની વયે નિધન થયું છે. મહારાષ્ટ્રના **મુંબઈ**માં જન્મેલા શ્રીમતી વિજયા મૂલેને **'EK Anek Aur Ekta'** નામની આ એનિમેશન ફિલ્મ માટે **1975**માં **'બેસ્ટ એજ્યુકેશન ફિલ્મ'**નો નેશનલ એવોર્ડ પણ મળ્યો હતો.

## ➤ IOCને પાછળ રાખીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ભારતની સૌથી મોટી કંપની બની

નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું વાર્ષિક ટર્નઓવર રૂ. 6.23 લાખ કરોડ થયું છે. જ્યારે આ સમય દરમિયાન ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC)નું વાર્ષિક ટર્નઓવર રૂ. 6.17 લાખ કરોડ હતું. આથી ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC)ને પાછળ રાખીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ Revenue એટલે કે આવકની દૃષ્ટિએ ભારતની સૌથી મોટી કંપની બની ગઈ છે.

## ➤ શ્રી જીતેન્દ્ર કુમારને મરણોપરાંત સંયુક્ત રાષ્ટ્ર મેડલથી સન્માનિત કરવામાં આવશે

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ભારતીય શાંતિરક્ષક શ્રી જીતેન્દ્ર કુમારને મરણોપરાંત સંયુક્ત રાષ્ટ્ર મેડલથી સન્માનિત કરવામાં આવશે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વના 119 જેટલા સૈન્ય, પોલીસ અને અસૈન્ય શાંતિરક્ષકોને મરણોપરાંત સંયુક્ત રાષ્ટ્ર મેડલથી સન્માનિત કરવામાં આવશે. જેમાં ભારતના શ્રી જીતેન્દ્ર કુમારનો પણ સમાવેશ થયો છે.

## ➤ ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ ઓંગોલ નસ્લની ગાયોને સંરક્ષિત કરવા આહવાન કર્યું

20 મે 2019ના રોજ ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ આંધ્રપ્રદેશના વિજયવાડા ખાતેથી ઓંગોલ નસ્લની ગાયોને સંરક્ષિત કરવાનું આહવાન કર્યું છે. આંધ્રપ્રદેશના નેલ્લોર, કૃષ્ણા, ગોદાવરી અને ગુન્ટુર જિલ્લામાં આ ગાયો જોવા મળે છે. આંધ્રપ્રદેશના ઓંગોલ નામના વિસ્તારમાંથી આ ગાયની ઉત્પત્તિ થઈ હોવાથી તેને 'ઓંગોલ' નામ આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ મિલિટ્રી નર્સિંગ સ્ટાફને એક્સ-સર્વિસમેનનો દરજ્જો આપવા સંરક્ષણ મંત્રાલયની મંજૂરી

ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા તાજેતરમાં મિલિટ્રી નર્સિંગ સ્ટાફને એક્સ-સર્વિસમેનનો દરજ્જો આપવાની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આથી, ભૂમિ, જળ અને વાયુસેનામાં મહત્ત્વની ભૂમિકા નિભાવતી મિલિટ્રી નર્સિંગ સર્વિસની મહિલા અધિકારીઓને હવે અન્ય સૈનિકોની જેમ એક્સ–સર્વિસમેનનો દરજ્જો પ્રાપ્ત થશે.

# વિશ્વ

## ➤ કિર્ગિસ્તાનના બિશ્કેકમાં યોજાઈ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની વિદેશ મંત્રીઓની બેઠક

તાજેતરમાં 21 અને 22 મે, 2019 દરમિયાન કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ની વિદેશ મંત્રીઓની બેઠકનું આયોજન થયું હતું. જેમાં ભારતના વિદેશ મંત્રી સુશ્રી સુષ્મા સ્વરાજ ઉપસ્થિત રહ્યા હતા.

## ➤ શ્રી દેવ શર્મા ઓસ્ટ્રેલિયાની સંસદમાં પ્રવેશનાર ભારતીય મૂળના પ્રથમ વ્યક્તિ બન્યા

તાજેતરમાં ઓસ્ટ્રેલિયામાં યોજાયેલી ચૂંટણીમાં વેન્ટવર્થની સીટ પર અપક્ષ ઉમેદવાર સુશ્રી કેરીન ફેલ્પ્સને ભારતીય મૂળના શ્રી દેવ શર્માએ પરાજય આપ્યો હતો. અને આ સાથે જ શ્રી દેવ શર્મા ઓસ્ટ્રેલિયામાં ચૂંટણી જીતીને ઓસ્ટ્રેલિયાની સંસદમાં પ્રવેશનાર ભારતીય મૂળના પ્રથમ વ્યક્તિ બની ગયા છે. લિબરલ પાર્ટીના ઉમેદવાર શ્રી દેવ શર્માનું પૂરું નામ શ્રી દેવનંદ નોએલ શર્મા છે.

## ➤ બ્રિટનના વડાપ્રધાન પદેથી રાજીનામું આપવાની શ્રીમતી થેરેસા મેની જાહેરાત

બ્રિટનના મહિલા વડાપ્રધાન શ્રીમતી થેરેસા મેએ બ્રિટનના વડાપ્રધાન પદેથી રાજીનામું આપવાનો નિર્ણય કર્યો છે. બ્રેક્ઝિટ કરાર અંગે થયેલા વિવાદોને કારણે તેમણે આ નિર્ણય કર્યો છે. શ્રીમતી થેરેસા મે શ્રીમતી માર્ગારેટ થેચર બાદ બ્રિટનના બીજા મહિલા વડાપ્રધાન છે. તેમના પક્ષનું નામ કન્ઝર્વેટિવ પાર્ટી છે. તેઓ જુલાઈ-2016માં બ્રિટનના વડાપ્રધાન બન્યા હતા.

## ➤ શ્રી ગોપાલ શ્રેષ્ઠ માઉન્ટ એવરેસ્ટ સર કરનાર HIV સંક્રમિત પ્રથમ પર્વતારોહક બન્યા

22 મે 2019ના રોજ નેપાળના શ્રી ગોપાલ શ્રેષ્ઠે માઉન્ટ એવરેસ્ટ સર કરી લીધું છે. આ સાથે જ શ્રી ગોપાલ શ્રેષ્ઠ વિશ્વનું સૌથી ઉંચું પર્વત શિખર માઉન્ટ એવરેસ્ટ સર કરનાર વિશ્વના પ્રથમ HIV સંક્રમિત પર્વતારોહક બની ગયા છે.

## ➤ અફઘાનિસ્તાનમાં પ્રથમ વખત ક્રિકેટ વર્લ્ડ કપનું પ્રસારણ થશે

ICC દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર અફઘાનિસ્તાનમાં પણ વર્ષ 2019ના ક્રિકેટ વર્લ્ડ કપનું ટી.વી. તથા અન્ય માધ્યમો પર લાઈવ પ્રસારણ કરવામાં આવશે. અફઘાનિસ્તાનમાં ક્રિકેટ વર્લ્ડ કપનું લાઈવ પ્રસારણ થયું હોય એવી આ પ્રથમ ઘટના હશે.

## ➤ વર્ષ 2022માં કતારમાં યોજાનાર ફૂટબોલ વર્લ્ડ કપમાં 32 ટીમો જ ભાગ લઈ શકશે

વર્ષ 2022માં કતારમાં યોજાનાર ફૂટબોલ વર્લ્ડ કપમાં 48 ટીમોનો સમાવેશ કરવા માટે એક પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. જોકે, ફીફા દ્વારા આ પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો છે. આથી, હવે કતારમાં વર્ષ 2022માં યોજાનાર ફૂટબોલ વર્લ્ડ કપમાં અગાઉની જેમ 32 ટીમો જ ભાગ લઈ શકશે.

## ➤ માનવ શબમાંથી ખાતર બનાવવાના બીલને મંજૂરી આપનાર અમેરિકાનું પ્રથમ રાજ્ય વોશિંગ્ટન

તાજેતરમાં અમેરિકાના વોશિંગ્ટન નામના રાજ્યમાં માનવ શબમાંથી ખાતર બનાવવાના બીલને મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ વોશિંગ્ટન માનવ શબમાંથી ખાતર બનાવવાના બીલને મંજૂરી આપનાર અમેરિકાનું પ્રથમ રાજ્ય બની ગયું છે. આ બીલ પસાર કરવાનો મુખ્ય ઉદ્દેશ અંતિમ સંસ્કારથી થતા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવાનો છે.

## ➤ IMF પાકિસ્તાનને 6 અબજ ડોલરની સહાય કરશે

તાજેતરમાં પાકિસ્તાન અને IMF વચ્ચે થયેલી એક સમજૂતી મુજબ IMF ત્રણ વર્ષમાં પાકિસ્તાનને 6 અબજ ડોલરની સહાય કરશે. આ સમજૂતીથી હાલ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહેલા પાકિસ્તાનને થોડી રાહત થશે. IMFનું પૂરું નામ International Monetary Fund છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- 24 મે, 2019ના રોજ સુરતના કયા બિલ્ડીંગમાં આવેલા કોચિંગ ક્લાસમાં લાગેલી આગને કારણે આશરે 19 બાળકો અવસાન પામ્યા હતા ? – તક્ષશિલા આર્કેડ
- 24 મે, 2019ના રોજ સુરતના કયા જકાતનાકા અથવા તો નેચરપાર્ક પાસે આવેલા તક્ષશિલા આર્કેડમાં લાગેલી આગને કારણે આશરે 19 બાળકો અવસાન પામ્યા હતા ? – સરથાણા
- ભારતમાં સૌપ્રથમ ભારતના કયા ત્રણ વર્લ્ડ હેરિટેજ સ્મારકોમાં બેબી ફિડિંગ રૂમ શરૂ કરવામાં આવશે ? – તાજમહેલ, ફતેહપુર સિકરી અને આગ્રાનો કિલ્લો
- દૂરદર્શન પર અનેક વખત પ્રસિદ્ધ થયેલ 'એક ચિડિયા... અનેક ચિડિયા' ગીત તથા એનિમેટેડ ફિલ્મના નિર્માતાનું નામ શું છે ? – શ્રીમતી વિજયા મૂલે
- તાજેતરમાં IOCને પાછળ રાખીને રેવન્યુ એટલે કે આવકની દૃષ્ટિએ કઈ કંપની ભારતની સૌથી મોટી કંપની બની ગઈ છે ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ
- તાજેતરમાં કઈ કંપનીને પાછળ રાખીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ રેવન્યુ અથવા તો આવકની દૃષ્ટિએ ભારતની સૌથી મોટી કંપની બની ગઈ છે ? – ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC)
- તાજેતરમાં ભારતના કયા શાંતિરક્ષકને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મરણોપરાંત સંયુક્ત રાષ્ટ્ર મેડલથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – શ્રી જીતેન્દ્ર કુમાર
- તાજેતરમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ ગાયોની કઈ નસ્લને સંરક્ષિત કરવાનું આહવાન કર્યું છે ? – ઓંગોલ
- ઓંગોલ નસ્લની ગાયો ભારતના કયા રાજ્યમાં જોવા મળે છે ? – આંધ્રપ્રદેશ
- તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રાલયે કયા સ્ટાફને એક્સ–સર્વિસમેન તરીકેનો દરજ્જો આપવાની મંજૂરી આપી છે ? – મિલિટ્રી નર્સિંગ સ્ટાફ
- 21-22 મે 2019 દરમિયાન SCO અથવા તો શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની વિદેશમંત્રીઓની બેઠકનું આયોજન ક્યાં થયું હતું ? – બિશ્કેક, કિર્ગિસ્તાન
- ઓસ્ટ્રેલિયામાં ચૂંટણી જીતીને ઓસ્ટ્રેલિયાની સંસદમાં પ્રવેશ મેળવનાર ભારતીય મૂળના પ્રથમ વ્યક્તિનું નામ શું છે ? – શ્રી દેવ શર્મા અથવા શ્રી દેવનંદ નોએલ શર્મા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

- ભારતીય મૂળના શ્રી દેવ શર્માએ કોને પરાજય આપીને તાજેતરમાં ઓસ્ટ્રેલિયાની વેન્ટવર્થની સીટ જીતી લીધી છે ? – સુશ્રી કેરીન ફેલ્પ્સ
- તાજેતરમાં શ્રીમતી થેરેસા મેએ બ્રિટનના વડાપ્રધાન પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે...તેઓ બ્રિટનના કેટલામા મહિલા વડાપ્રધાન છે ? – બીજા
- શ્રીમતી થેરેસા મેના પક્ષનું નામ શું છે ? – કન્ઝર્વેટિવ પાર્ટી
- માઉન્ટ એવરેસ્ટ સર કરનાર વિશ્વના પ્રથમ HIV સંક્રમિત પર્વતારોહકનું નામ શું છે ? – શ્રી ગોપાલ શ્રેષ્ઠ
- વર્ષ 2019માં કયા દેશમાં સૌપ્રથમ વખત ક્રિકેટ વર્લ્ડ કપનું પ્રસારણ થશે ? – અફઘાનિસ્તાન
- વર્ષ 2022માં ફૂટબોલ વર્લ્ડ કપ કયાં યોજાશે ? – કતાર
- કતારમાં યોજાનાર વર્ષ 2022ના ફૂટબોલ વર્લ્ડ કપમાં કેટલી ટીમો ભાગ લઈ શકશે ? – 32
- માનવ શબમાંથી ખાતર બનાવવા માટેના બીલને મંજૂરી આપનાર અમેરિકાના પ્રથમ રાજ્યનું નામ શું છે ? – વોશિંગ્ટન
- તાજેતરમાં થયેલી એક સમજૂતી મુજબ IMF પાકિસ્તાનને ત્રણ વર્ષમાં કેટલી સહાય કરશે ? – 6 અબજ ડોલર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.



ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.